<table>
<tr><td rowspan="5">GJBN140000452022</td><td>રજુ તારીખ</td><td colspan="3">૦૮/૦૬/૨૦૨૨</td></tr>
<tr><td>દાખલ તારીખ</td><td colspan="3">૦૮/૦૬/૨૦૨૨</td></tr>
<tr><td>ફેસલ તારીખ</td><td colspan="3">૧૩/૦૩/૨૦૨૬</td></tr>
<tr><td rowspan="2">સમયગાળો</td><td>વર્ષ</td><td>માસ</td><td>દિન</td></tr>
<tr><td>૦૩</td><td>૦૯</td><td>૦૫</td></tr>
</table>

**ભાવનગરના મહે. ઔધોગિક ન્યાયપંચ સમક્ષ, મુ.ભાવનગર.**

**રેફરન્સ (આઈ.ટી.) નં.૩૪/૨૦૨૨**
**આંક–૧૧**

**પ્રથમ પક્ષકાર...** **(૧) ચીફ ઓફીસરશ્રી,**
અમરેલી નગરપાલિકા,
મુ. જી.અમરેલી.

**વિ.**

**બીજા પક્ષકાર...** **શ્રમયોગી શ્રી મુકતાબેન ભીમાભાઈ વાળોદરા**
C/o. સૌરાષ્ટ્ર શ્રમિક સંઘ, પહેલા માળે,
ઓમિક કોમ્પલેક્ષ, પીરછલ્લા રોડ, મુ.જી. ભાવનગર.

હાજર રહયા:
પ્રથમ પક્ષકાર નં.૧ તરફે વિ.વકીલ શ્રી એ.એમ.પટેલ
બીજા પક્ષકાર તરફે વિ.યુનિયન પ્રતિનિધિ શ્રી વી.જે.પમનાણી

**વિષય : ઔધોગિક વિવાદ ધારા–૧૯૪૭ અન્વયેના ઔધોગિક વિવાદ (ગુજરાત)નિયમો–૧૯૬૬ ના નિયમ–૧૦(૧) અન્વયે રેફરન્સ...**

## –: એ વો ર્ડ :–

**૧.** હાલનો આ રેફરન્સ નામ.ગુજરાત સરકારશ્રીના શ્રમ આયુકતશ્રી ગાંધીનગર કચેરીના તા.૩૦/૦૫/૨૦૨૨ ના હુકમ ક્રમાંક કે. એચ. એ. એચ. એમ.સી.૪૧૪૩૧/૫/૨/આઇડીઆર/એજે/૧૫૧/૨૦૨૨ થી ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ ની કલમ–૧૦(૧) અન્વયે ન્યાય નિર્ણય કરવા ભાવનગરના ઔધોગિક ન્યાયપંચને નીચે મુજબની પરિશિષ્ટ મુજબ સુપ્રત કરેલ છે.

**૨.** જેની અનુસૂચિ નીચે મુજબ છે.

## –: અ નુ સૂ ચિ :–

**'શ્રી મુકતાબેન ભીમાભાઇ વાળોદરાને તેમની નોકરીમાં દાખલ થયા તા.૦૧/૦૬/૧૯૯૯ થી સફાઇ કામદાર તરીકે કાયમી કરી, કાયમી કર્મચારીને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહિત ચુકવી આપવા જોઇએ કે કેમ?'**

**૩.** આ કામે સરળતા ખાતર પ્રથમ પક્ષકારને હવે પછી ''પ્રથમ પક્ષકાર સામાવાળા'' તરીકે અને બીજા પક્ષકારને ''અરજદાર સંબંધીત શ્રમયોગી'' તરીકે સંબોધવામાં આવશે.

**૪.** આ કામમાં બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગી તરફે આંક–૭ થી માંગણીનું નિવેદન રજુ કરેલ છે જેમાં બીજા પક્ષકારની ટુંકમાં રજુઆત એવી છે કે, શ્રી મુકતાબેન ભીમાભાઇ વાળોદરા આ કામના પ્રથમ પક્ષકારને ત્યાં તા.૦૧/૦૬/૯૯ થી સતત અને સળંગ રીતે સફાઇ કામદાર તરીકે ફરજ બજાવે છે. પ્રથમ પક્ષકારના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેરાત અન્વયે તેમણે કરેલ અરજીના અનુસંધાને, તેમનો ઇન્ટરવ્યુ લઇ, તેમને સીલેકટ કરીને નિમણુંક આપવામાં આવેલ હતી. હાલમાં તેઓને લઘુત્તમ વેતન મુજબ દૈનિક રૂ.૩૪૮/– લેખે પગાર ચુકવવામાં આવે છે.

**૪.૧** તેઓ કાયમીની જગ્યા ઉપર, કાયમી પ્રકારનું કામ, કાયમી રીતે કરતાં હોવા છતાં તેઓને કાયમી ન કરીને તથા કાયમીના લાભોથી વંચિત રાખીને સંસ્થા દ્વારા 'અનફેર લેબર પ્રેકટીસ' આચરવામાં આવી રહેલ હતી. તેમની

અને કાયમી કર્મચારીઓની કામગીરીનાં પ્રકાર અને પ્રમાણમાં કોઇ તફાવત નથી. છતાં તેમના જેવું જ કામ કરતાં કાયમી કર્મચારીઓને વધુ વેતન ચુકવવામાં આવે છે. જયારે આ કર્મચારીને ઓછું વેતન ચુકવવામાં આવે છે. ઉપરાંત કાયમી કર્મચારીઓને મળતાં અન્ય લાભો પણ આ કર્મચારીને આપતા નથી. આ કામદારની જેમ પ્રથમ રોજમદાર તરીકે દાખલ થયેલ હોય તેવા અનેક કામદારોને પ્રથમ પક્ષકારે પાછળથી કાયમી કરેલ છે. બલ્કે તમામ કામદારોને આ રીતે જ કાયમી કરવામાં આવેલ છે. આમ, સંસ્થામાં આ પ્રથા સંસ્થાની શરૂઆતથી જ છે. કેટલાકને તો પ્રમોશન પણ આપવામાં આવેલ છે. જેથી આ કામદારને તે પ્રમાણે કાયમીના લાભો ન આપીને બંધારણના આર્ટીકલ ૧૪ અને ૧૬ ના સમાનતાના સિધ્ધાંતનો સંસ્થા દ્વારા ખુલ્લેઆમ ભંગ થઈ રહેલ છે અને કર્મચારીનું ભયંકર આર્થિક શોષણ થઈ રહેલ છે. ઉપરાંત તેઓને રોજમદાર ગણતા હોયને છટણીની લટકતી તલવાર સતત તેમના માથે જજુમતી રહે છે. તેથી આવા કર્મચારીઓ સતત માનસિક ટેન્શન નીચે પોતાની ફરજ બજાવે છે. જેની અસર તેમની ઈફીસીયન્સી ઉપર પણ પડે છે. સેટઅપમાં પણ તેમની જગ્યા ખાલી છે અને પ્રથમી જ ખાલી હતી. તેમના જેવું જ કામ કરતાં તેમનાથી જુનીયર તથા તેમના જેવા જ અન્ય રોજમદાર કર્મચારીઓને પ્રથમ પક્ષકારોએ કાયમી કરેલ છે. મોડેલ સ્ટેન્ડીંગ ઓર્ડસની જોગવાઇઓ મુજબ પણ તેમને કાયમી કરવા જ જોઇએ.

**૪.૨** તાજેતરમાં જુદી જુદી ટ્રીબ્યુનલોએ, જુદી જુદી હાઇકોર્ટોએ તથા નામદાર સુપ્રિમ કોર્ટ પણ આવા અનેક કેસોમાં કામદારની તરફેણમાં ચુકાદાઓ આપેલ છે. નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ તો પોતાના ચુકાદાઓમાં સ્ટ્રીકચર પાસ કરતાં જતાવેલ છે કે, ''સરકારે તો મોડેલ એમ્પ્લોયર બનવું જોઇએ. તેના બદલે તેમનાં દ્વારા જ કર્મચારીઓનું થઈ રહેલ શોષણ આચરવામાં આવી રહેલ અનફેર લેબર પ્રેકટીસ બંધ થવી જ જોઇએ.'' આ કામના પ્રથમ પક્ષકાર પણ એક અર્ધસરકારી સ્વૈચ્છીક સંસ્થા છે અને બંધારણના આર્ટીકલ ૧૨ મુજબ ''સ્ટેટ'' ની વ્યાખ્યામાં આવી જાય છે. અને તેના દ્વારા જ થઈ રહેલ કામદારનું શોષણ આચરવામાં આવી રહેલ અનફેર લેબર પ્રેકટીસ તાત્કાલિક અસરથી અટકાવવી જ જોઇએ.

**૪.૩** વળી, જો આ કર્મચારીને પછીની અસરથી કાયમી કરવામાં આવે તો અત્યાર સુધી સંસ્થાએ કરેલ તેમનાં શોષણને કાયદેસરતાનો પરવાનો આપી દીધેલ ગણાય. કારણ કે વર્ષોથી કામ કરતાં હોવા છતાં તેઓને કાયમીના પગાર ગ્રેડ તથા અન્ય લાભો ચુકવવા ન પડે તેવા બદઈરાદાથી પ્રથમ પક્ષકાર તેઓને કાયમી કરતા નથી. તેથી તેમને તેઓની નોકરીમાં દાખલ થયા તારીખથી જ કાયમી કરવા જોઇએ અને તે પ્રમાણેનું થતું એરિયર્સ ચુકવી આપવું જોઇએ.

**૪.૪** આ કામના સંબંધીત કામદાર આ કામના પ્રથમ પક્ષકાર સમક્ષ પોતાને કાયમી કરવા બાબતે સતત રજુઆતો કરતા રહેલ હતા. પરંતુ, પ્રથમ પક્ષકાર તેમને એવું આશ્વાસન આપીને સમય પસાર કરતા રહેલ હતા કે નિયામકશ્રી પાસેથી મંજુરી માંગેલ છે અને થોડાક સમયમાં મંજુરી આવ્યેથી તમોને કાયમી કરીશું. તેથી ગરીબી તથા નોકરીની મજબુરીના કારણે મજકુર કર્મચારીને તેમની ઉપર ભરોસો મુકવા સિવાય અન્ય કોઇ વિકલ્પ જ નહોતો. આખરે થાકી–હારીને નાછુટકે મજકુરે આ ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ છે. ઉપરોકત હકીકતે વિવાદ ઉપસ્થિત કરવામાં મજકુરને થયેલ ડીલે માફ કરવા અરજ છે.

**૪.૫** ઉપરોકત તમામ હકીકતે મંડળની માંગણી ઘણી જ વ્યાજબી, ન્યાયી અને કાયદેસરની હોયને તેનો સ્વીકાર થવો જ જોઇએ. અને મુકતાબેન ભીમાભાઇ વાળોદરાને તેમની નોકરીમાં દાખલ થયા તા.૦૧/૦૬/૯૯ થી સફાઇ કામદાર તરીકે કાયમી કરવા અને કાયમી કર્મચારીને મળતાં પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરિયર્સ સહિત ચુકવી આપવા આ કામના પ્રથમ પક્ષકારોને હુકમ ફરમાવવા નેક અરજ કરેલ છે. આ કામને લગતી અને મળી શકતી જરૂરી અન્ય તમામ દાદ કે દાદો અપાવવા નેક અરજ કરેલ છે. તેમજ આ કામના ખર્ચના રૂ.૫૦૦૦/– અપાવવા નેક અરજ કરેલ છે.

**૫.** આ કામમાં પ્રથમ પક્ષકાર સંસ્થાએ આંક–૮ થી તેમનો લેખિત જવાબ/વાંધા રજુ કરેલ છે. જેની ટુંકમાં એવી રજુઆત એવી છે કે, આ કામના બીજા પક્ષકારે તેના માંગણી નિવેદનમાં જણાવેલ તમામ હકીકતો ખોટી, ઉપજાવી કાઢેલી છે અને કાયદાની જોગવાઇઓ વિરૂધ્ધની તેમજ સત્ય

હકીકતો છુપાવી માંગણા નિવેદન રજુ કરેલ હોય જેથી પણ બીજા પક્ષકારની માંગણી પ્રથમી જ રદ થવાને પાત્ર છે.

**પ.૧** આ કામના બીજા પક્ષકારે જે જે પેરા વાઇઝ હકીકત દર્શાવેલ છે. તે તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ અને ખોટા વિધાનોયુકત દર્શાવેલ છે. તે તમામ હકીકતો બીજા પક્ષકારે નિ:શંકપણે પુરવાર કરવી જોઇએ. તેમજ આ બીજા પક્ષકારના સભ્ય કયા વિભાગમાં કામ કરતા હતા? તેની શૈક્ષણિક લાયકાત શું છે? તેની ઉંમર શું છે? તેવી કોઇ હકીકત દર્શાવેલ નથી કે તેના આધારો અમોને આપેલા નથી કે આ કામે રજુ કરેલ નથી. તેમજ ધી ઇન્ડસ્ટ્રીયલ ડીસ્પયુટસ એકટમાં કાયમી કરવાની કોઇ જોગવાઇ જ નથી. તેમજ જી.સી.એસ.આર. મા પણ કાયમી કરવાની કોઇ જોગવાઇ જ નથી. જયારે સરકારશ્રીમાં વર્ગ–૧ અને વર્ગ–ર તરીકેનો હોદો કે તેમના તાબાના વર્ગ–૩, ૪ કર્મચારી તરીકેનો હોદો ધરાવનારને પણ 'કાયમી' શબ્દ વાપરી નિમણુંક આપવામા આવતી નથી. તેમજ તેમની સર્વીસબુકમાં પણ 'કાયમી નિમણુંક' તેવા શબ્દો વાપરવામાં આવતા નથી. જેથી કાયમી કરવાનો હુકમ કરવાની આપ નામદારને સત્તા નથી કે હકુમત નથી. જયારે બીજા પક્ષકારે કયા કાયદાની કઇ કલમ નીચે હાલની માંગણી કરેલ છે તેની સ્પષ્ટતા બીજા પક્ષકારે તેના માંગણા નિવેદનમાં કરેલ નથી. જેથી તમામ હકીકતે પણ બીજા પક્ષકારની માંગણી રદ થવાને પાત્ર છે.

**પ.ર** બીજા પક્ષકારની માંગણી મંજુર કરવાની સત્તા ધી ગુજરાત મ્યુનીસીપાલીટીઝ એકટની જોગવાઇ પ્રમાણે પ્રાદેશિક કમિશ્નરશ્રી અને કમિશ્નરશ્રી સરકારશ્રીને છે. જેથી પણ આ કામે બીજા પક્ષકારે તેને પક્ષકાર તરીકે જોડેલ નથી. જેથી બીજા પક્ષકારની માંગણીને પક્ષકારની ખામી નડે છે તેથી પણ બીજા પક્ષકારની માંગણી રદ થવાને પાત્ર છે.

**પ.૩** આ કેસ માહેના શ્રમયોગીએ હાલનો કેસ કરતા પહેલા ધી ગુજરાત મ્યુનિસિપાલીટી એકટની જોગવાઇ પ્રમાણે નોટીસ આપવી ફરજીયાત છે. જે નોટીસ આ કામના શ્રમયોગીએ આપેલ ન હોય નોટીસનો પણ બાધ નડે છે. તેથી પણ બીજા પક્ષકારની માંગણી રદ થવાને પાત્ર છે.

**૫.૪** હાલના શ્રમયોગીએ ઘણા લાંબા સમય પછી ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ છે. જેથી શ્રમયોગીનો હાલનો ઔદ્યોગિક વિવાદ આટલા લાંબા સમય પછી અસ્તિત્વમાં રહેતો નથી અને આ રેફરન્સને સમયમર્યાદાનો બાધ નડે છે અને ઘણા લાંબા સમય પછી હાલનો આ રેફરન્સ બીજા પક્ષકારે કરેલ હોય તે એક માત્ર કારણે પણ બીજા પક્ષકારનો રેફરન્સ રદ થવાને પાત્ર છે.

**૫.૫** બીજા પક્ષકારના માંગણા નિવેદનના પેરા–૧ ની હકીકત ખરી નથી અને અમોને કબુલ નથી. બીજા પક્ષકારના શ્રી મુકતાબેન ભીમાભાઇ વાળોદરા સંસ્થામાં તા.૦૧/૦૬/૯૯ થી સતત અને સળંગ રીતે સફાઇ કામદાર તરીકે ફરજ બજાવતા હોવાની કે નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેરાતના અનુસંધાને અરજી કરેલ હોવાની કે ઇન્ટરવ્યુ લીધો હોવાની કે તે પ્રમાણે સિલેકટ કર્યા હોવાની વિગેરે તમામ હકીકતો ખોટી, ઉપજાવી કાઢેલી અને હળાહળ જુઠી છે. જે તમામ હકીકતો બીજા પક્ષકારે પુરવાર કરવી જોઇએ. જયારે ખરી હકીકતે આ કામના બીજા પક્ષકારના સભ્ય તદન હંગામી રોજમદાર તરીકે કામની જરૂરીયાત પુરતા તદન હંગામી ધોરણે રોકેલ અને જે દિવસે કામે આવે તે દિવસના રોજ પ્રમાણે રોજ ચુકવતા હતા અને જે દિવસે કામ ન હોય કે આ કામદાર કામે ન આવે કે અન્ય જગ્યાએ કામે જાય અને ત્યાં વધુ રોજ મળે તો આવા હંગામી રોજમદાર કામદારો તે સમયમાં કામે આવતા નથી. તેમજ જાહેર તહેવારોની રજાઓમાં અને જાહેર રજામાં કામ લેવામાં આવતુ નથી. આમ, સંસ્થનો કોઇ અંકુશ હોતો નથી તેમજ રોજમદાર ઉપર શિસ્તભંગના પગલા લઇ શકાતા નથી તેમજ કામ પણ ચોકકસ પ્રકારનું હોતુ નથી. આમ, આવા તદન હંગામી રોજમદારોએ કોઇ એક વર્ષમાં સતત અને સળંગ કામગીરી કરેલ નથી તેમજ આ શ્રમયોગી કોઇ ભરતી પ્રક્રીયામાંથી પસાર થયેલ નથી. તેમણે કોઇ અરજી કરેલ નથી. પરીક્ષા આપેલ નથી કે ઇન્ટરવ્યુ આપેલ નથી કે તેમની ભરતી કરતા પહેલા જાહેરાત પણ આપવામાં આવેલ નથી. તેવી જ રીતે એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ મારફત નામ સુચવાયેલ નથી. આમ, બીજા પક્ષકારના સભ્ય કોઇ ભરતીની પ્રક્રીયામાંથી પસાર થયેલ નથી. જયારે અમો પ્રથમ પક્ષકારની સંસ્થામા કામના પ્રમાણમાં કર્મચારીની

સંખ્યા વધુ પ્રમાણમાં છે. તેમજ બીજા પક્ષકારના સભ્યની કામગીરી મંજુર થયેલ સેટઅપ ઉપરની નથી કે ચોકકસ જગ્યાની હોદા જોગ કામગીરી નથી. તેથી પણ બીજા પક્ષકારની માંગણી રદ થવાને પાત્ર છે.

**૫.૪** બીજા પક્ષકારના માંગણા નિવેદનના પેરા–૨ ની હકીકત ખરી નથી કે અને અમોને કબુલ નથી. મજકુર કાયમીની જગ્યા ઉપર કાયમી પ્રકારનું કામ કાયમી રીતે કરતા હોવાની કે કાયમી ન કરી અનફેર લેબર પ્રેકટીસ આચરતા હોવાની કે તેમની અને કાયમી કર્મચારીઓની કામગીરીના પ્રકાર અને પ્રમાણમાં કોઇ તફાવત ન હોવાની કે તેમના જેવું જ કામ કરતા કામદારોને મળતા પગાર તથા અન્ય લાભો મેળવવા હકકદાર હોવાની કે બંધારણા આર્ટીકલ–૧૪ અને ૧૬ ના સમાનતાના સિધ્ધાંતનો ભંગ થતો હોવાતી કે શોષણ થતુ હોવાની કે છટણીની તલવાર જજુમતી હોવાની કે તેમનાથી જુનિયર કર્મચારીઓને કાયમી કરેલ હોવાની કે નોકરી દાખલ તારીખ થી છુટા તારીખ સુધી સતત અને સળંગ હોવાની વિગેરે તમામ હકીકતો ખોટી, ઉપજાવી કાઢેલી અને હળાહળ જુઠી છે. જયારે ખરી હકીકતે ધી ગુજરાત મ્યુનિસિપાલીટી એકટની કલમ–૫૦(૧) પ્રમાણે પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, રાજકોટની પુર્વ મંજુરી વગર કોઇની ભરતી કે બઢતી થઇ શકે નહી. જે કાયદાથી નકકી થયેલ બાબત છે. તેમજ ભરતી/બઢતી માટે ગુજરાત સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૦૪/૦૯/૨૦૧૨ ના ઠરાવથી પસંદગી સમિતિને અધિકાર આપવામાં આવેલ છે. જેથી સંસ્થાના કોઇ પણ કર્મચારીની ભરતી અને બઢતી કરવાની કે કાયમી કરવાની સત્તા અમો પ્રથમ પક્ષકારને નથી. જયારે સંસ્થાનું મંજુર થયેલ સેટઅપની કુલ સંખ્યા કરતા સંસ્થામાં કુલ કાયમી કર્મચારીઓ વધુ પ્રમાણમાં છે. આમ, બીજા પક્ષકારના સભ્ય જે જગ્યા ઉપર હંગામી કામ કરતા હતા તે જગ્યા કાયમી નથી. અને કામ પણ કાયમી નથી. તેમજ સતત અને સળંગ કામગીરી લેવામાં આવેલ નથી. તેમજ સેટઅપમાં આવી કોઇ મંજુર અને ખાલી જગ્યા સામે કામે લેવાયેલ નથી. જયારે અમો સંસ્થાનું મહેકમ ખર્ચ વધુ છે. જેના કારણે સંસ્થામાં નિયમીત પગાર પણ કરી શકતા નથી. તેમજ આ શ્રમયોગી પહેલા દાખલ થયેલ રોજમદાર હાલમાં પણ

રોજમદાર તરીકે છે. જેથી પણ આવી માંગણીથી સમાનતાના સિધ્ધાંતનો ભંગ થાય તેમ છે. અને અમારા માનવા પ્રમાણે બંધારણના આર્ટીકલ પ્રમાણે ન્યાય નિર્ણય કરવાની આપ નામદારને હકુમત નથી કે છાપામાં જાહેરાત આપીને કે ઈન્ટરવ્યુ દ્વારા નિયુકત થયેલ નથી. આ તમામ હકીકતે પણ બીજા પક્ષકારની માંગણી પ્રથમથી જ રદ થવાને પાત્ર છે.

**૫.૫** બીજા પક્ષકારના માંગણા નિવેદનના પેરા–૩ થી ૫ ની હકીકત ખરી નથી અને અમોને કબુલ નથી. સંસ્થાએ શોષણ કરેલહોવાની કે બદઈરાદો હોવાની કે આશ્વાસન આપી સમય પસાર કરેલ હોવાની કે કાયમી કરીશુ તેવુ કહયાની કે થાકી હારી ગયેલ હોવાની વિગેરે તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ છે. જયારે ખરી હકીકતે આ કામે ઔદ્યોગિક વિવાદ વિલંબથી ઉપસ્થિત કર્યાની હકીકત મંડળે સ્વીકારેલ છે. તાજેતરમાં જુદી જુદી હાઈકોર્ટ અને નામ. સુપ્રિમ કોર્ટે પણ આવા અનેક કેસોમાં સંસ્થાની તરફેણમાં ચુકાદાઓ આપેલ છે. જયારે નામ. ગુજરાત હાઈકોર્ટે તો પોતાના ચુકાદામાં જણાવેલ છે કે ''ગેરકાયદેસર ભરતી થયેલ કામદારને કાયદાનું રક્ષણ મળે જ નહી.'' જયારે આ કામદાર પાછલા બારણાથી આવેલ છે. તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટની કુલ બેન્ચે સ્પષ્ટ જજમેન્ટ આપેલ છે. જે જજમેન્ટ જી.એલ.એચ.–૨૦૦૪(૨) પાના નં.૬૯૨ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. તેમજ નામ. સુપ્રિમ કોર્ટની પાંચ જજોની બંધારણીય બેન્ચે પણ સ્પષ્ટ જજમેન્ટ આપેલ છે. જે જજમેન્ટ એ.આઈ.આર–૨૦૦૬ (એસ.સી.) પાના નં.૧૮૦૬ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. તેમજ પ્રાદેશિક નગરપાલિકા નિયામક, ગુજરાત રાજય, રાજકોટના આદેશોનું તથા હુકમોનું અમારે પાલન કરવાનું હોય છે. તેમજ ધી ગુજરાત મ્યુનિસિપાલીટી એકટની કલમ–૫૦(૧) અને કલમ–૨૬૦થી નિયામકશ્રી તથા સરકારશ્રીની પુર્વમંજુરી વગર ભરતી–બઢતી થઈ શકે નહી. તેમજ મહેનતાણામાં વધારો થઈ શકે નહી. જે કાયદાનું પાલન કરવુ અમો સંસ્થા માટે ફરજીયાત છે. જયારે હાલના રેફરન્સને સમયમર્યાદાનો બાધ નડે છે તેમજ જરૂરી પક્ષકારની પણ ખામી નડે છે. તે અંગેના ઉચ્ચતર ન્યાયાલયે અનેક ચુકાદાઓ પણ આપેલા છે તેમજ અમો પ્રથમ પક્ષકાર સંસ્થામાં આવક કરતા જાવક વધુ પ્રમાણમાં છે તેમજ અમો સંસ્થા ઉપર ઘણુ

દેણુ છે. જેના લીધે તા.૭/૩/૨૦૨૩ ના દફતરી હુકમથી સાતનું પગારપંચ રદ કરેલ છે. તેમજ અમો પ્રથમ પક્ષકાર સંસ્થામાં આવક કરતા જાવક વધુ પ્રમાણમાં છે. તેમજ અમો સંસ્થા ઉપર ઘણુ દેણુ છે. કર્મચારીના પગાર પણ નિયમિત કરી શકાતા નથી. આ સમગ્ર પરિસ્થિતિને લીધે ધી ગુજરાત મ્યુનિસિપાલીટીઝ એકટમાં જણાવેલ જોગવાઈ પ્રમાણેની શહેરી વિકાસની જરૂરીયાતો અમો પુરી પાડી શકતા નથી. તેમજ સંસ્થાને બિનજરૂરી ખર્ચ કરવો પોષાય તેમ નથી. તેમજ આપ નામદાર સમક્ષ અમો પ્રથમ પક્ષકારની સંસ્થા વિરૂધ્ધ આવા અનેક કેસો છે અને અમરેલી થી ભાવનગર આવવા જવામાં અને આવા વિવાદોમાં સંસ્થાનો સમય અને નાણાંનો વ્યય થાય છે. તેથી પણ બીજા પક્ષકારની માંગણી રદ થવાને પાત્ર છે.

**૫.૬** જયારે અમો પ્રથમ પક્ષકાર સંસ્થાના તમામ રોજમદારોએ કાયમી થવાની માંગણીઓ જુદા જુદા કેસો દ્વારા આપ નામદાર સમક્ષ મુકેલ છે આવા જ બધા જ કર્મચારીઓને કાયમી કરવાથી નગરપાલિકા પર ખુબ જ મોટો આર્થિક બોજો આવવાની શકયતા છે. જેથી નગરપાલિકાનું આર્થિક માળખુ તુટી પડવાની સંભાવના છે. જેથી નગરપાલિકા વિકાસના કામો તો નહી કરી શકે પરંતુ નગરમાં લોકોને પ્રાથમિક સવલતો પણ આપી શકશે નહી. અને જેના લીધે ધી ગુજરાત મ્યુનિસિપાલીટીઝ એકટની કલમ–૮૭ થી ૯૧ સુધીની નગરપાલિકાઓની ફરજો અને કાર્યો કાયદાથી નકકી થયેલ છે તે ફરજો અને કાર્યો બજાવી શકીશુ નહી અને બહોળા સમુદાયનું અહિત થશે અને નાણાંમા ન આંકી શકાય તેવુ નુકશાન થશે.

**૫.૭** આ કામે પ્રાથમિક મુદો ઉપસ્થિત કરીએ છીએ કે, અમો સંસ્થા પ્રાદેશિક કમિશ્નરશ્રી, ભાવનગર અને કમિશ્નરશ્રી ગાંધીનગર સરકારશ્રી ની મંજુરી વગર તથા સરકારશ્રીએ ઠરાવથી નકકી કરેલ પસંદગી સમિતિની અવગણના કરી કોઇને કાયમી કરી શકીએ છીએ. જેથી અમો પ્રથમ પક્ષકાર સંસ્થા આપ નામ. ને વિનંતી કરીએ છીએ કે, અમારે પ્રાદેશિક કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ભાવનગર ના તથા સરકારશ્રીના આદેશો, ઠરાવો તથા હુકમ પ્રમાણે અમલ કરવાનો હોય તથા નામ. ગુજરાત હાઈકોર્ટ તથા નામ. સુપ્રિમ કોર્ટના જજમેન્ટ પ્રમાણે પણ કાર્યવાહી કરવાની અમો સંસ્થાને સત્તા હોય.

તે કાર્યવાહીને કોઇ અડચણ ન આવે તેથી આ કામદારને છુટા કરવા પરવાનગી આપવા વિનંતી છે. અને આ બચાવનામાને અમારી પરવાનગી અરજી ગણવા વિનંતી છે. અને બીજા પક્ષકારની માંગણી રદ કરવા વિનંતી છે.

**૫.૮** બીજા પક્ષકારના માંગણા નિવેદનના પેરા– ૬ થી ૯ પ્રમાણેની કોઇ દાદ માંગવા બીજા પક્ષકાર હકકદાર નથી. તેથી ઉપરોકત તમામ હકીકતોને તથા અમો પ્રથમ પક્ષકારના લેખિત–મૌખિક પુરાવાને તથા અમારા અન્ય પુરાવાને અને અમારી રજુઆતને લક્ષમાં લઇ બીજા પક્ષકારાની માંગણી ખર્ચ સહ રદ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

**૬.** ત્યારબાદ આ કામ અદાલત દ્વારા બંન્ને પક્ષકારો તરફે પુરાવાઓ રજુ કરવા માટે રાખવામાં આવેલ. પરંતુ, ઘણી મુદતો વિત્યા બાદ પણ બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગી તરફે કોઇ પુરાવો રજુ કરવામાં ન આવતા તેમજ બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગી તરફે કોઇ દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરેલ નથી. જેથી આંક–૧ લગત હુકમ કરી બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગીનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ.

**૭.** ત્યારબાદ, આ કામ પ્રથમ પક્ષકાર સંસ્થાના પુરાવા માટે રાખતા પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે આંક–૧૦ ની પુરસીસ આપી તેઓ કોઇ મૌખિક પુરાવો આપવા માંગતા ન હોય પુરસીસથી તેઓનો મૌખિક પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**૮.** ત્યારબાદ અદાલત દ્વારા આ કામ બંન્ને પક્ષકારોની દલીલો માટે રાખતા આ કામે બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગીના વિ.યુનિયન પ્રતિનિધિ શ્રી વી.જે.પમનાણી દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે આંક–ર થી રજુ થયેલ અનુસૂચિ મુજબ આ કામના અરજદાર શ્રી મુકતાબેન ભીમાભાઇ વાળોદરાને તેમની નોકરીમાં દાખલ થયા તા.૦૧/૦૬/૧૯૯૯ થી સફાઇ કામદાર તરીકે કાયમી કરી, કાયમી કર્મચારીને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરિયર્સ સહિત ચુકવી આપવા જોઇએ કે કેમ? તે બાબતે હાલનો આ રેફરન્સ કરવામાં આવેલ છે. વિ.યુનિયન પ્રતિનિધિ

શ્રી વી.જે.પમનાણી દ્વારા વધુમાં રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદાર તરફે આ કામે આંક–૭ થી માંગણીનું નિવેદન રજુ કરવામાં આવેલ છે અને સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ કામના અરજદારે પ્રથમ પક્ષકારના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેરાત અન્વયે અરજી કરેલ અને પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા અરજદારનું ઈન્ટરવ્યુ લઈને, સિલેકટ કરીને રોજમદાર તરીકે નિમણુંક આપવામાં આવેલ છે. વધુમાં યુનિયન પ્રતિનિધિ શ્રી પમનાણી દ્વારા દલીલ કરેલ છે કે, આ કામે પ્રથમ પક્ષકાર સંસ્થા દ્વારા જે લેખિત જવાબ રજુ કરેલ છે તે સંદર્ભેની હકીકતોનો કોઈ પુરાવો રજુ કરેલ નથી અને જવાબ એ પુરાવો ન ગણાય તેમજ જવાબની હકીકત સંબંધે પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે કોઈ મૌખિક પુરાવો કે લેખિત દસ્તાવેજી પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં યુનિયન પ્રતિનિધિ શ્રી પમનાણી દ્વારા વધુમાં દલીલ કરવામાં આવેલ છે કે, સંસ્થા દ્વારા તેમની ઉપર કરોડોનું દેવુ છે અને સંસ્થાની આર્થિક સ્થિતિ ખરાબ છે તેવી પણ તકરાર લેવામાં આવેલ છે. પરંતુ, સંસ્થાની આર્થિક સ્થિતિ સારી ન હોય તો તેના કારણે કામદારને કાયમી થતાં અટકાવી ન શકાય અને આ હકીકત નામ. સુપ્રિમ કોર્ટ અને નામ. દીલ્હી કોર્ટ દ્વારા તેમના ચુકાદાઓમાં સ્પષ્ટપણે પ્રસ્થાપિત કરેલ છે. તેમજ કામદારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં સળંગ અને સતત નોકરી કરેલ છે તેવી હકીકત આંક–૭ થી રજુ રાખેલ માંગણી નિવેદનમાં જાહેર કરેલ છે. તેમજ કામદારના હાજરીપત્રક માલિકના કબજામાં રહેતા હોય અને કામદારની હાજરીની કોઈ વિગત આપતા ન હોય, કામદારે સતત અને સળંગ નોકરી કરેલ નથી તે હકીકત દર્શાવવા માટે સંસ્થાએ હાજરીપત્રક રજુ કરવા જોઈએ. પરંતુ આ કામે સંસ્થા તરફથી આવા કોઈ હાજરીપત્રક રજુ કરવામાં આવેલ નથી. જેથી કામદારે સતત અને સળંગ નોકરી કરેલ છે તેવુ માનવાને કારણ રહે છે. વધુમાં વિ. યુનિયનની પ્રતિનિધિ શ્રી પમનાણી દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, જો સેટઅપમાં જગ્યા ન હોય તો પ્રથમ પક્ષકાર સંસ્થાએ કામદારને સમકક્ષ જગ્યા ઉપર કાયમી કરવા જોઈએ. આમ, ઉપરોકત રજુઆત ધ્યાનમાં લઈ હાલના કામદારની રેફરન્સ અરજીની અનુસૂચિમાં માંગણી કર્યા મુજબની દાદ મંજુર કરવા અરજ કરેલ છે.

૯. ત્યારબાદ પ્રથમ પક્ષકાર સંસ્થા તરફે વિ. વકીલ શ્રી એ.એમ.પટેલ દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, હાલનો આ રેફરન્સ આ કામના અરજદાર શ્રી મુકતાબેન ભીમાભાઇ વાળોદરાને તેમની નોકરીમાં દાખલ થયા તા.૦૧/૦૬/૧૯૯૯ થી સફાઇ કામદાર તરીકે કાયમી કરી, કાયમી કર્મચારીને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરિયર્સ સહિત ચુકવી આપવા જોઇએ કે કેમ? તે બાબતે હાલનો આ રેફરન્સ કરવામાં આવેલ છે. આ કામે આંક-૭ થી બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગી દ્વારા માંગણીનું નિવેદન રજુ રાખેલ છે. બીજા પક્ષકાર સંબંધીત શ્રમયોગી તરફે કોઇ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ હાલના રેફરન્સ અરજીના કામે બીજા પક્ષકાર શ્રમયોગી દ્વારા કોઇ લેખિત દસ્તાવેજી પુરાવો પણ રજુ રાખવામાં આવેલ નથી.વધુમાં વિ.વકીલ શ્રી એ.એમ.પટેલ દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, હાલનો રેફરન્સ અરજીના કામે બીજા પક્ષકાર શ્રમયોગી દ્વારા ફકત માંગણીનું નિવેદન રજુ કરેલ છે.પરંતુ આ રેફરન્સને સાબિત કરવા માટે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી તેમજ રેફરન્સ સાબિત કરવાનો બોજો બીજા પક્ષકાર અરજદાર શ્રમયોગી ઉપર છે. હાલની આ રેફરન્સ અરજી અરજદાર શ્રમયોગી દ્વારા ૨૩ વર્ષ પછી નામ. અદાલતમાં દાખલ કરેલ છે. જેથી અરજદારની અરજીને સમયમર્યાદાનો બાધ નડે છે પરંતુ, અરજદારે સમયમર્યાદાનો વિલંબ અંગેની કોઇ અરજી નામ.અદાલતને કરેલ નથી. વધુમાં વિ.વકીલ શ્રી એ.એમ.પટેલ દ્વારા દલીલ કરતા જણાવેલ છે કે, અરજદારની હાલની અરજીને વિલંબનો બાધ નડતો હોય અને તેના કોઇ વ્યાજબી કારણો અરજદારે અરજીમાં જણાવેલ નથી. તેથી અરજદારની હાલની રેફરન્સ અરજી ખર્ચ સહિત નામંજુર કરવા અરજ કરેલ છે.

બંન્ને પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલોની ચર્ચા હું જરૂર પડયે મારા તારણોમાં કરીશ.

**૧૦.** આ કામમાં બંન્ને પક્ષકારોની દલીલો તથા રજુ થયેલ રેકર્ડની હકીકતોને ધ્યાને લઇ મારી સમક્ષના કેસમાં મારા મત મુજબ આ રેફરન્સ અરજીના ન્યાયીક નિર્ણય કરવા સારૂ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત કરેલ છે.

**-: મુદાઓ :-**

**મુદા નં.૧:** શું અરજદાર યુનિયન પુરવાર કરે છે કે, શ્રી મુકતાબેન ભીમાભાઇ વાળોદરાને તેમની નોકરીમાં દાખલ થયા તા.૦૧/૦૬/૯૯ થી સફાઇ કામદાર કાયમી કરી, કાયમી કર્મચારીને મળતા પગાર, ભથ્થાં તથા અન્ય તમામ લાભો એરિયર્સ સહિત ચુકવી આપવા જોઇએ કે કેમ?

**મુદા નં.૨:** શું સામાવાળા સંસ્થા પુરવાર કરે છે કે, આ ઔધોગિક વિવાદને સમયમર્યાદાનો બાધ નડે છે?

**મુદા નં.૩:** શું હુકમ?

ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

**જવાબ:-** **મુદા નં.૧: નકારમાં,**

**મુદા નં.૨: નકારમાં,**

**મુદા નં.૩: આખરી હુકમ મુજબ.**

**તારણો:**

**મુદા નં.૧:-**

**૧૧.** આ કામે રેફરન્સ અરજીની અનુસૂચિ જોતાં બીજા પક્ષકાર સંબંધીત અરજદાર દ્વારા તા.૧/૬/૧૯૯૯ થી સફાઇ કામદાર તરીકે કાયમી કરી, કાયમી કર્મચારીને મળતા પગાર, ભથ્થા તથા અન્ય તમામ લાભો એરીયર્સ સહીત ચુકવી આપવા સબબનો હાલનો રેફરન્સ અત્રેના ન્યાયપંચ સમક્ષ રજુ કરેલ છે. આ કામે બીજા પક્ષકાર સંબંધીત અરજદાર તરફથી આંક-૭ થી માંગણીનું નિવેદન રજુ કરેલ છે. જેમા પણ અનુસૂચિ મુજબની દાદ માંગેલ છે અને જણાવેલ છે કે, પ્રથમ પક્ષકારને ત્યાં તા.૦૧/૦૬/૯૯ થી સતત અને સળંગ રીતે સફાઇ કામદાર તરીકે ફરજ બજાવે છે. પ્રથમ પક્ષકારના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ જાહેરાત અન્વયે તેમણે કરેલ અરજીના અનુસંધાને, તેમનો ઇન્ટરવ્યુ લઇ, તેમને સીલેકટ કરીને નિમણુંક આપવામાં આવેલ હતી. આમ, અરજદારે જે કથનો આંક-૭ થી રજુ કરેલ માંગણી

નિવેદનમાં કરેલા છે તેને સાબિત કરવાની જવાબદારી બીજા પક્ષકાર સંબંધીત અરજદારની છે. પરંતુ, બીજા પક્ષકાર સંબંધીત અરજદાર તરફથી ઉપરોકત હકીકતને સાબિત કરવા માટે કોઈપણ જાતનો સોગંદ ઉપર પુરાવો આ કામે રજુ રાખેલ નથી. વળી, અરજદારે જાતે ન્યાયપંચ સમક્ષ સોગંદ ઉપર જુબાની આપીને અથવા તો પુરાવારૂપી સરતપાસનું સોગંદનામુ રજુ કરીને પણ ઉપરોકત માંગણી નિવેદનમાં જણાવેલી હકીકતોને સાબિત કરવી જોઈએ. પરંતુ, આ કામે બીજા પક્ષકાર સંબંધીત અરજદાર દ્વારા પુરાવારૂપી સરતપાસનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ નથી કે બીજા પક્ષકાર સંબંધીત અરજદારે સોગંદ ઉપર જુબાની આપેલ નથી. આમ, અરજદાર દ્વારા હાલના રેફરન્સમાં માંગેલ દાદના સમર્થનમાં યોગ્ય પુરાવો રજુ કરી પોતાનો કેસ શંકાથી પર સાબિત કરેલ નથી. બીજા પક્ષકાર સંબંધીત અરજદારને હાલના રેફરન્સ અરજીના કામે પુરાવો રજુ કરવા માટે અનેક મુદતો આપવા છતાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી.

**૧૨.** આ કામે બીજા પક્ષકાર સંબંધીત અરજદારની રેફરન્સ અરજી અરજદારનો પુરાવો રજુ કરવા ઘણા લાંબા સમયથી મુલત્વી હતી. પરંતુ, અરજદારને તેનો રેફરન્સ આગળ ચલાવવામાં રસ હોય તેવુ જણાય આવતુ નથી. વળી, રેફરન્સ પુરવાર કરવાનો બોજો અરજદાર ઉપર હોય છે. પરંતુ, આ કામના બીજા પક્ષકાર સંબંધીત અરજદાર દ્વારા પોતાનો રેફરન્સ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. આમ, અરજદારને પોતાનો કેસ આગળ ચલાવવામાં કે આ કામે પુરાવો રજુ કરી હાલનો રેફરન્સ સાબિત કરવામાં રસ હોય તેવુ જણાય આવતુ નથી. આમ, ઉપરોકત તમામ સંજોગોને ધ્યાનમાં લેતાં અરજદાર સંપુર્ણપણે પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોય તેથી મુદા નં.૧ નો નિર્ણય 'નકારમાં' ઠરાવવામાં આવે છે.

**મુદા નં.૨:–**

**૧૩.** આ કામે હાલનો મુદો શ્રમયોગી કામદારની આ રેફરન્સ અરજીને સમયમર્યાદાનો બાધ નડે છે કે કેમ? તે હકીકત સામાવાળા દ્વારા પુરવાર કરવામાં આવેલ છે કે નહી, તે ચકાસવી જરૂરી બને છે. પરંતુ, આ રેફરન્સ અરજીને સમયમર્યાદાનો બાધ કઈ તારીખથી અગરતો કઈ રીતે વિલંબીત છે

તેવી કોઇ હકીકત સામાવાળા પ્રથમ પક્ષકાર તરફથી સક્ષમ રીતે રજુ કરવામાં આવેલ નથી. આથી, એકમાત્ર બચાવના ભાગરૂપે સમયમર્યાદાના બાધની તકરાર સામાવાળા તરફથી ઉપસ્થિત કરવામાં આવેલ હોય તે ગ્રાહ્ય રાખવાપાત્ર બનતી નથી. જેથી મુદા નં.ર નો નિર્ણય 'નકારમાં' ઠરાવી મુદા નં.૩ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

**૧.** બીજા પક્ષકાર અરજદાર સંબંધીત શ્રમયોગી શ્રી મુકતાબેન ભીમાભાઇ વાળોદરાનો આ રેફરન્સ (આઇ.ટી) નં.૩૪/૨૦૨૨ આથી નામંજુર કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

**Dated: 13/03/2026**
**Place: BHAVNAGAR**

**(M. S. BAQUI)**
**MEMBER**
**INDUSTRIAL COURT**
**BHAVNAGAR.**
**JUDGE CODE GJ00683**